# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
## તૃત્તીય વર્ષ : બી.આર.એસ. (રૂરલ ફાર્મ મેનેજમેન્ટ)
## વિષય :– ક્ષેત્ર આયોજન અને વ્યવસ્થાપન પેપર નં: ૮

❖ **પ્રસ્તાવના :–**

કૃષિ સંશોધનના પરિણામે ભારતની ખેતીમાં હરિયાળી ક્રાંતિ થઈ છે. કૃષિ વિકાસ ચાલુ રાખવો હોય તો ખેડૂત તેની પાસેની સાધન સામગ્રી, જમીન, મજૂર, મૂડી વગેરેનું યોગ્ય આયોજન અને વ્યવસ્થાપન કરે તે ખૂબ જરૂરી છે. ક્ષેત્રના યોગ્ય વ્યવસ્થાપનથી ખેડૂત ઓછામાં ઓછા ખર્ચે વધુમાં વધુ નફો મેળવી શકે છે. ગ્રામ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ પણ સારા ક્ષેત્રવ્યવસ્થાપક બને તે આ અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. ખેતીના પ્રકારો અને પધ્ધતિઓની સમજ પણ ક્ષેત્રના આયોજન અને વ્યવસ્થાપન માટે મહત્વની છે. ખેતી વ્યવસાય વિકસાવવા માટે ખેતી હિસાબ – કિતાબની જાણકારી પણ ઉપયોગી છે.

❖ **માળખું :–**

| | અઠવાડિયાના વર્ગો | આંતરિક ગુણ | વર્ષાન્ત ગુણ | કુલ ગુણ | વર્ષાન્ત પ્રશ્નપત્રના કલાક |
|---|---|---|---|---|---|
| સૈ. | ૦૩ | ૧૫ | ૩૫ | ૫૦ | ૨ કલાક |
| પ્રા. | ૦૨ | ૧૫ | ૩૫ | ૫૦ | |
| કુલ | ૫ | ૩૦ | ૭૦ | ૧૦૦ | |

નોંધ :– ખાસ વિષય ક્ષેત્રવિદ્યા, પશુપાલન અને ડેરી વિજ્ઞાન, વિસ્તરણ અને સમાજનવરચના, બાગાયતનું આ પ્રશ્નપત્ર પેપરનં.૮ બનશે.

❖ **વિષય શીખવવા પાછળના હેતુઓ :**

(૧) ધંધા તરીકે ખેતીનું મહત્વ સમજે.
(૨) પોતે ધંધાનું સંચાલન કરી શકે તેવો વિશ્વાસ કેળવે.
(૩) ખેતી વ્યવસાય અને અન્ય વ્યવસાય વચ્ચેનો તફાવત જાણે.
(૪) ખેતીના જુદા જુદા પ્રકારો અને પધ્ધતિઓ જાણે.
(૫) ક્ષેત્રની પસંદગી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સમજે.
(૬) ખેતીની સમસ્યાઓ સમજે અને તેના ઉકેલો વિશે વિચારે.
(૭) નાના મોટા ક્ષેત્રોનું અંદાજપત્ર તૈયાર કરતાં શીખે.
(૮) ખેતી હિસાબનું મહત્વ સમજે અને તે કઈ રીતે લખાય તે જાણે.
(૯) ખેતી પાકો પર હવામાનની અસરો જાણે.

❖ **શિક્ષણ પધ્ધતિઓ :–**

૧. વ્યાખ્યાન
૨. જૂથ ચર્ચા
૩. કૃષિકેન્દ્રની મુલાકાત
૪. અનુભવી અને સફળ ધંધાર્થીઓની મુલાકાત અને પ્રશ્નોત્તરી
૫. સ્થાનિક ક્ષેત્ર વ્યવસ્થાપક સાથે વિચાર વિમર્શ.
૬. સ્થાનિક વેધશાળાના સાધનોનો પ્રત્યક્ષ પરિચય.
૭. સ્વાધ્યાય

❖ **અભ્યાસક્રમ (સૈધ્ધાંતિક) :**

❖ **એકમ–૧**

૧.૧ ક્ષેત્ર આયોજનની વ્યાખ્યા – સમજ, ક્ષેત્ર આયોજનની રીતોનો ટૂંકમાં ખ્યાલ.
૧.૨ ક્ષેત્રવ્યવસ્થાની વ્યાખ્યા – સમજ, ક્ષેત્ર વ્યવસ્થાના અંગો, હેતુઓ અને ક્ષેત્રવ્યવસ્થાનો અન્ય વિજ્ઞાન સાથેનો સંબંધ.
૧.૩ ખેતી એક વ્યવસાય – ખેતી વ્યવસાય અને અન્ય વ્યવસાય વચ્ચેનો તફાવત.
૧.૪ ક્ષેત્ર વ્યવસ્થાના સિદ્ધાંતો.

❖ **એકમ–૨**

૨.૧ ખેતીના પ્રકારો – વ્યાખ્યા, વર્ગીકરણ દરેક પ્રકાર (એકપાકી ખેતી, સામાન્ય પાકની ખેતી, પિયત ખેતી, બિનપિયત ખેતી, સઘન ખેતી, વિસ્તૃત ખેતી)ની વિગતે સમજ.
૨.૨ ખેતીના પ્રકાર નકકી કરનાર ઘટકો.
૨.૩ ખેતીની જુદીજુદી પધ્ધતિઓ – કૌટુંબિક ખેતી, મૂડીવાદી ખેતી, સહકારી ખેતી, સામૂહિક ખેતી, સરકારી ખેતી, ગણોતિયા ખેતી તથા કરાર ખેતીનો વિગતે ખ્યાલ.

❖ **એકમ–૩ :**

૩.૧ ક્ષેત્રની વ્યાખ્યા, ક્ષેત્ર માટે સ્થળની પસંદગી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ.

૩.૨ ક્ષેત્ર માટે રસ્તા, વાડ, મકાન, ખેતરોનું આયોજન, જુદા જુદા પ્રકારના ક્ષેત્ર વચ્ચે રહેલો તફાવત.

૩.૩ વર્તમાન ખેતીના પ્રશ્નો અને તેના સંભવિત ઉકેલો ખેતીમાં જોખમો.

૩.૪ ક્ષેત્ર માટે પાકયોજના : વ્યાખ્યા, પાકયોજના બનાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, ખેતીમાં ફળદ્રુપતાની દ્રષ્ટિએ પાકયોજનાની મુલવણી.

❖ **એકમ–૪**

૪.૧ મજૂરની વ્યાખ્યા, પ્રકાર, મજૂરીના દરને અસરકરતાં પરિબળો, મજૂરની કાર્યશકિત વધારવાની પધ્ધતિઓ, મજૂરની આર્થિક સ્થિતિ સુધારવા માટેના પગલાં.

૪.૨ મૂડી – ક્ષેત્ર માટે મૂડીની જરૂરિયાતો નકકી કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, મૂડીના પ્રકારો, ઘસારો ગણવાની પધ્ધતિઓ.

૪.૩ જુદા જુદા ક્ષેત્રો માટે જરૂરી સાધન, પશુઓ, મજૂર, બિયારણ, ખાતર, દવાઓ વગેરેની ગણતરી.

૪.૪ ખેતી પેદાશ માટે બજાર વ્યવસ્થા (વેચાણ વ્યવસ્થા), વર્તમાન બજાર વ્યવસ્થાના ફાયદા – ગેરફાયદા.

❖ **એકમ–૫ :**

૫.૧ ક્ષેત્રનો હિસાબ – કિતાબ, ખેતી હિસાબના લાભ, ખેતીનામાની પધ્ધતિઓ (એકનોંધી તથા દ્વિનોંધી હિસાબ પધ્ધતિ) ની સમજ.

૫.૨ ખેતી હિસાબ માટે જરૂરી ચોપડા અને પત્રકો.

૫.૩ હવામાનશાસ્ત્ર એટલે શું ? ભારતનું અને ગુજરાતનું હવામાન – તેની ખેતી પર અસરો.

૫.૪ ખેતીપાકો અને હવામાન વચ્ચેનો સંબંધ.

૫.૫ હવામાનની આગાહીઓ.

❖ **પ્રાયોગિક કાર્ય:–**

(૧) કોઈપણ બે ખેતીપાકોના જુદાજુદા તબકકે નિરીક્ષણ લેવા અને નોંધવા.

(૨) સ્થાનિક હવામાન પ્રયોગશાળાના જુદા જુદા સાધનોનો પરિચય મેળવવો અને નિરીક્ષણ લેતાં શીખવું.

(૩) કોઈ એક ખેડૂતના સર્વેક્ષણને આધારે ક્ષેત્રઅંદાજપત્ર તૈયાર કરવું.

(૪) પ્રગતિશીલ ખેડૂતોના ક્ષેત્રની મુલાકાત લેવી અને સાથે પ્રશ્નોત્તરી કરી નોંધ તૈયાર કરવી.

(૫) સ્થાનિક ક્ષેત્રવ્યવસ્થાપક સાથે ચર્ચા, પ્રશ્નોતરી તેની નોંધ તૈયાર કરવી.

(૬) કૃષિકેન્દ્ર કે બાગાયતી નર્સરીની મુલાકાત લેવી અને તેની નોંધ તૈયાર કરવી.

(૭) પિયત ખેતીની ૧૦ એકર જમીન માટે એક વર્ષ માટેની પાકયોજના તૈયાર કરતાં શીખવું.

(૮) ખેતી હિસાબો અને પત્રકો કેમ લખાય છે તે જાણવું.

❖ **સહઅભ્યાસ પ્રવૃત્તિઓ :–**

૧. વિષય આનુસાંગિક કોઈ એક વિષય પર સ્વાધ્યાય તૈયાર કરવો.

❖ **સંદર્ભગ્રંથો :–**

(૧) ક્ષેત્રવ્યવસ્થા અને ખેતી હિસાબ લેખક – પટેલ અને વિહોલ

(૨) ઉચ્ચતર ક્ષેત્રવ્યવસ્થા લેખક – બાબુભાઈ અવરાણી

(૩) પૃથ્વીદર્શન લેખક – વિજયગુપ્ત મૌર્ય

(૪) કૃષિ અર્થશાસ્ત્ર – રતિલાલ જે. પટેલ

(૫) Farm Management - Volume : I & II
By R.L. Adams
Srishti Book Distributors – New Delhi, India.